પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૦૧ | ૨૧ જુન, ૨૦૨૨, મંગળવાર; જયેષ્ઠ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ભારત બંધને મિશ્ર પ્રતિસાદ : ૫૦૦ ટ્રેન રદ

## સેનામાં ભરતીની અગ્નિપથ યોજના સામે એક દિવસના દેશ બંધનું એલાન : ૫૦૦ ટ્રેન રદ થતાં લાખો યાત્રી રઝળ્યા : દિલ્હી, પંજાબ, યુપી તેમજ બિહાર જેવા રાજ્યોના રેલવે સ્ટેશનો પર પોલીસનો બંદોબસ્ત ખડકાયો, ભારત બંધની આજે ક્યાંય ખાસ અસર જોવા ન મળી

નવી દિલ્હી, તા.૨૦

લશ્કરી દળોમાં ભરતી માટે ગયા સપ્તાહે જાહેર કરાયેલી અગ્નિપથ યોજનાના વિરોધમાં આજે ભારત બંધનું એલાન આપવામાં આવ્યું છે. છેલ્લા કેટલાક દિવસોથી યુપી, હરિયાણા, બંગાળ, બિહાર તેમજ તેલંગાણા જેવા રાજ્યોમાં આ યોજનાનો વિરોધ થઈ રહ્યો છે. રોષે ભરાયેલા લોકોએ ટ્રેનોને મોટાપાયે નિશાન બનાવતા અગમચેતીના ભાગરુપે રેલવે દ્વારા આજના દિવસે ૫૦૦ ટ્રેનો રદ કરાતા મુસાફરો અટવાઈ ગયા છે. બીજી તરફ, બંધના એલાન





દરમિયાન કોઈ હિંસા ના થાય તે માટે સંવેદનશીલ રાજ્યોમાં પોલીસ તેમજ અર્ધલશ્કરી દળોનો ચાંપતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. તેમાંય દિલ્હીની સરહદો પર આજે પોલીસે એકેએક વાહનનું ચેકિંગ શરુ કરતા સવારે ઓફિસ અવર્સ દરમિયાન જબરજસ્ત ટ્રાફિક જોવા મળ્યો હતો.'અગ્નિપથ'ના હિંસક વિરોધમાં એકનું મોત, પ્રદર્શનકારીઓએ ટ્રેક બ્લોક કરતાં ૨૦૦થી વધુ ટ્રેનો અટવાઈ રેલવેના જણાવ્યા અનુસાર, તાજેતરમાં થયેલી હિંસાની ઘટનાને ધ્યાનમાં

● અનુસંધાન પાન-૭ પર

# અગ્નિવીરનું ઓનલાઈન રજિસ્ટ્રેશન જુલાઈથી

નવી દિલ્હી, તા.૨૦

ભારત સરકારની મહત્વાકાંક્ષી અગ્નિપથ યોજના હેઠળ અગ્નિવીરોની ભરતી માટે ભારતીય સેનાએ અગ્નિવીર રિક્રૂટમેન્ટ રેલી નોટિફિકેશન જારી કરી દીધુ છે. જેના હેઠળ ઉમેદવારોને ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવુ અનિવાર્ય છે. જે બાદ ભારતીય સેનાની સત્તાકીય વેબસાઈટ દ્વેહેહદ્વેહ્ફહહ્ફદ્વિઅ.હેર્હૈ.હ પર વિઝિટ કરવુ પડશે. રજિસ્ટ્રેશનની પ્રક્રિયા જુલાઈ ૨૦૨૨થી શરૂ થશે.

**ઉમેદવારોની ભરતી ૪ વર્ષ માટે કરવામાં આવશે : આ દરમિયાન પ્રત્યેક વર્ષ ૩૦ દિવસની રજા પણ મળશે, સર્વિસના પહેલા વર્ષે ૩૦,૦૦૦ પગાર અને ભથ્થે મળશે**

આ પદ માટે થશે ભરતી: અગ્નિવીર જનરલ ડ્યુટી, અગ્નિવીર ટેક્નિકલ (એવિએશન/એમ્યુનેશન), અગ્નિવીર ક્લાર્ક/સ્ટોરકીપર ટેક્નિકલ, અગ્નિવીર ટ્રેડ્સમેન ૧૦મુ પાસ, અગ્નિવીર ટ્રેડ્સમેન ૮મુ પાસ.

નોટિફિકેશન અનુસાર, ભરતીઓ સમગ્ર રીતે ઉપલબ્ધ ખાલી જગ્યાઓના પર મેરિટ આધારિત થશે. માત્ર ભરતી પ્રક્રિયામાં પાસ થનારા ઉમેદવારોને સેનામાં ભરતીનો દાવો કરવાનો કોઈ અધિકાર રહેશે નહીં. એ પણ કહેવામાં આવ્યુ છે કે જે ઉમેદવારોની પાસે જરૂરી સર્ટિફિકેટ હશે નહીં, તે પોતે રિજેક્શન માટે જવાબદાર રહેશે.

જારી નોટિફિકેશન અનુસાર ઉમેદવારોની ભરતી ૪ વર્ષ માટે કરવામાં આવશે. આ દરમિયાન પ્રત્યેક વર્ષ ૩૦ દિવસની રજા પણ મળશે. સર્વિસના પહેલા વર્ષે ૩૦,૦૦૦

● અનુસંધાન પાન-૭ પર

# અગ્નિવીરો માટે આનંદ મહિન્દ્રાએ મહિન્દ્રા ગ્રુપમાં નોકરીની ઓફર આપી

નવી દિલ્હી,તા.૨૦

સેનામાં ભરતી માટે લાવવામાં આવેલી અગ્નિપથ યોજનાના વિરોધ પર મહિન્દ્રા ગ્રુપના ચેરમેન આનંદ મહિન્દ્રાએ દુઃખ વ્યક્ત કર્યું છે અને આ યોજના અંતર્ગત ટ્રેનિંગ મેળવનાર યુવાનોને પોતાને ત્યાં નોકરી આપવાની ઓફર કરી છે. આ ઓફર એવા સમયે આવી છે જ્યારે અગ્નિપથ યોજના સામે દેશભરમાં વિરોધ પ્રદર્શન વચ્ચે સરકાર અને વિભિન્ન મંત્રાલય ઘણી જાહેરાતો કરી ચૂક્યા છે. આમ છતા આ યોજનાના વિરોધમાં સોમવારે ભારત બંધનું આહ્વાન કર્યું છે. આનંદ મહિન્દ્રાએ સોમવારે ટ્વિટ કરીને લખ્યું કે અગ્નિપથ યોજનાને લઈને ચાલી રહેલા વિરોધથી દુઃખી છું. ગત વર્ષે જ્યારે આ યોજનાનો વિચાર સામે આવ્યો તો મેં કહ્યુ હતું કે અને હવે હું ફરી દોહરાવું છું કે આનાથી અગ્નિવીર જે અનુશાસન અને કૌશલ શીખશે તે તેમને રોજગારની શાનદાર તકો ઉપલબ્ધ કરાવશે. તેમણે કહ્યું કે મહિન્દ્રા ગ્રુપ આવા પ્રશિક્ષિત, સક્ષમ યુવાઓની ભરતીનું સ્વાગત કરે છે.

## હિમાચલમાં ટ્રીંબલ ટ્રેલ રોપવે અટકતાં ૧૩ ફસાયા

સોલન, તા.૨૦

હિમાચલ પ્રદેશના સોલન જિલ્લામાં ટ્રીંબલ ટ્રેલ રોપવે અધવચ્ચે અટકાઈ ગયો છે. જેથી હવામાં કેબલ કાર ફંસાઈ ગઈ છે આ લોકોને બચાવવા માટે રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે.

કેબલ કારની અંદર ફસાયેલા લોકોના વીડિયો પણ સામે આવ્યા છે. વીડિયો દ્વારા લોકો તેને બચાવવા માટે અપીલ કરી રહ્યા છે, એક વ્યક્તિએ જણાવ્યું કે તે દોઢ કલાકથી ટ્રોલીની અંદર ફસાયેલો છે અને કોઈ મદદ મળી નથી. જો કે હવામાં ફસાયેલા લોકોને બચાવવાના પ્રયાસો શરૂ કરી દેવામાં આવ્યા છે અને રાહત અને બચાવ કાર્ય ચાલુ છે.

## દેશમાં કોરોનાના નવા ૧૨,૭૮૧ કેસ

નવી દિલ્હી, તા.૨૦

સતત વધી રહેલો કોરોના હવે ડરાવવા લાગ્યો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૧૨ હજારથી વધુ કેસ નોંધાયા છે જે ચિંતાજનક છે. છેલ્લા એક અઠવાડિયામાં નવા કેસમાં તેજી આવી છે.

ત્યારબાદ એક્ટિવ કેસની સંખ્યામાં પણ ચોંકાવનારો વધારો થયો છે. જો કે આ બધા વચ્ચે એક્સપર્ટ્સનું કહેવું છે કે કોવેક્સીનનો બુસ્ટર ડોઝ કોવિડ-૧૯ના ડેલ્ટા અને ઓમિક્રોન વેરિએન્ટ વિરુદ્ધ રસીના પ્રભાવને વધારે છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે બહાર પાડેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૧૨,૭૮૧ કેસ નોંધાયા છે.

# કેટલાક સુધારા શરૂઆતમાં ખરાબ લાગે છે : પ્રધાનમંત્રી મોદી

## અગ્નિપથ વિવાદ વચ્ચે બોલ્યા નરેન્દ્ર મોદી : તેમની સરકારે ડિફેન્સ સેક્ટરને તમામ યુવાઓ માટે ખોલી દીધુ છે : લાંબા ગાળે તેનાથી દેશને ફાયદો થશે : મોદી

બેંગલોર, તા.૨૦

દેશમાં કેન્દ્ર સરકારની અગ્નિપથ યોજનાને લઈને વિવાદ જોવા મળી રહ્યો છે. ઘણા રાજ્યોમાં હિંસક પ્રદર્શન થયા છે અને આગચાંપીની ઘટના જોવા મળી છે. આ વચ્ચે બેંગલુરૂ પહોંચેલા પ્રધાનંમત્રી મોદીએ આ યોજનાનું નામ લઈ યુવાઓને મોટો સંદેશ આપ્યો છે.



તેમણે કહ્યું કે, તેમની સરકારે છેલ્લા આઠ વર્ષમાં સ્પેસ અને ડિફેન્સ સેક્ટરને યુવાઓ માટે ખોલી લીધા છે. પીએમ મોદીએ કહ્યુ કે કેટલાક સુધાર શરૂઆતમાં ખરાબ લાગે છે પરંતુ લાંબા ગાળે તેનાથી દેશને ફાયદો થાય છે.

તે કહે છે કે રીફોર્મનો માર્ગ જ આપણે નવા લક્ષ્યો તરફ લઈ જઈ સકે છે. અમે ડિફેન્સ અને સ્પેસ સેક્ટર યુવાઓ માટે ખોલી દીધા છે. જેમાં દાયકાઓ સુધી સરકારનો એકાધિકાર હતો. ડ્રોનથી લઈને દરેક બીજી ટેક્નોલોજીમાં અમે યુવાઓને કામ કરવાની તક આપી રહ્યાં છીએ. આજે અમે યુવાઓને કહી રહ્યાં છીએ કે સરકારે જે વર્લ્ડ ક્લાસ ટેક્નોલોજી બનાવી છે, ત્યાં યુવાઓ પોતાનો આઈડિયા આપે, પોતાના ઈનપુટ આપે.

પીએમ મોદીએ તે વાત પર પણ ભાર આપ્યો કે સંસ્થા સરકારીહોય કે ખાનગી, બંને દેશનું એસેટ છે, તેથી લેવલ પ્લેયિંગ ફીલ્ડ બધાને બરાબર મળવું જોઈએ. મોદીએ તે વાત પર પણ ખુશી વ્યક્ત કરી કે છેલ્લા ૮ વર્ષમાં ૧૦૦થી વધુ બિલિયન ડોલરની કંપનીઓ ઉભી થઈ છે, જેમાં દર મહિને નવી નોકરીઓ જોડાઈ રહી છે. તેમના પ્રમાણે સ્ટાર્ટ અપની દુનિયામાં ભારત ઝડપથી કામ કરી રહ્યું છે અને અત્યાર સુધી હજારો કરોડનો કારોબાર કરી ચુક્યુ છે.

પીએમ મોદીના કર્ણાટક પ્રવાસની વાત કરવામાં આવે તો તેમણે ૨૭૦૦૦ કરોડ રૂપિયાની વિવિધ યોજનાને લીલી ઝંડી આપી છે. તેમણે બેંગલુરૂ રેલવે પરિયોજનાનો પાયો નાખ્યો તો બીજીતરફ બી આર આંબેડકર સ્કૂલ ઓફ ઈકોનોમિક્સનું ઉદ્‌ઘાટન કર્યુ છે. આ તકે પીએમ મોદીએ કહ્યુ કે, બેંગલુરૂને જામથી મુક્તિ અપાવવા માટે રેલ, રોડ, મેટ્રો, અન્ડરપાસ, ફ્લાઈઓવર, દરેક સંભવ માધ્યમો પર ડબલ એન્જિનની સરકાર કામ કરી રહી છે.

# કુલગામમાં ચાર આતંકીઓ ઠાર


શ્રીનગર, તા.૨૦

જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓનો સફાયો ચાલું જ છે. જમ્મુ-કાશ્મીર પોલીસે જણાવ્યું કે, સેના સાથે પોલીસે કુપવાડા અને કુલગામ જિલ્લામાં ચાલી રહેલા બે આતંકવાદી વિરોધી અભિયાનોમાં અત્યાર સુધીમાં બે પાકિસ્તાની આતંકવાદીઓ સહિત ૪ આતંકવાદીઓને ઠાર કર્યા છે. પોલીસે જણાવ્યું કે, પોલીસ અને સેનાએ સંયુક્ત રૂપે ઓપરેશન હાથ ધર્યું છે.

કુલગામ અને કુપવાડામાં પોલીસએ સેના સાથે એક સંયુક્ત આતંકવાદ વિરોધી અભિયાન હાથ ધર્યું છે. આ દરમિયાન છેલ્લા ૧૮ કલાકમાં ૩ એનકાઉન્ટર થયા છે જેમાં ૭ આતંકવાદી માર્યા ગયા છે. કુલ મળીને છેલ્લા ૨૦ દિવસોમાં ૨૩ આતંકવાદીઓ માર્યા ગયા છે.

A JADE BLUE Enterprise

GOOD LOOKS EVERYDAY SALE



Up to 50% off*

greenfibre

FLS 1221

**Gandhinagar:** Haveli Arcade, Sector 11, 23246459 • **Ahmedabad:** Shiromani Complex, Nehrunagar; Maple Tree, Surdhara Circle; TRP Mall, Bopal; 4D Square Mall, Chandkheda; Opp. Kakadiya Hospital, Bapunagar

greenfibre.com Also available on jadeblue.com *Select brands & merchandise. T&C apply.

**તાત્કાલિક જોઈએ છે**

કુડાસણ વિસ્તારમાં આર્કિટેકની ઓફીસ માટે ઓફીસ બોય (પ્યુન)ની તાત્કાલિક જરૂરિયાત છે.

Mo : 925000648

**અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા**

16g પ્રોટીન




₹30*/ 500 mL

અમૂલ ગોલ્ડ

Amul The Taste of India

*એમઆરપી (બધાં કરવેરા સહિત), ટ્રાન્સપોર્ટેશન અને કૂલિંગ ચાર્જિસ સામેલ છે. શરતો લાગુ. પૂછપરછ/ઉપલબ્ધતા માટે કૃપા કરી સંપર્ક કરોઃ અમદાવાદ અને સૌરાષ્ટ્રઃ 079 - 23969055/56/57

**મોંઢા અને ગળાના કેન્સરની નિયમિત ઓ.પી.ડી. ગાંધીનગર ખાતે!**

Zydus Hospitals Cancer Centre

25 જુન, શનિવારના રોજ

**ડૉ. સુપ્રીત ભટ્ટ**

MS, M.Ch

મોંઢા અને ગળાના કેન્સર સર્જન

- 4000 થી વધુ સફળ વિવિધ કેન્સર શસ્ત્રક્રિયાના અનુભવી
- 20000 થી વધુ સંતૃષ્ટ કેન્સર દર્દીઓની સારવાર

દર મહિનાના બીજા અને ચોથા શનિવારે

લક્ષણોઃ

● થાઇરોઇડ અને સ્વરપેટીના કેન્સર ● ગાલ, જીભ તેમજ જડબામાં છાલા પડવા ● મોંઢામાં સફેદ કે લાલ ચાંદા પડવા ● મોંઢાનું ઓછું ખુલવું ● અવાજમાં બદલાવ તેમજ ભારેપણું ● ખોરાક ગળવામાં તકલીફ પડવી ● ગળામાં સોજો કે ગાંઠ થવી

સાંજે 6.00 થી 8.00 કલાકે

માતુલ્ય વુમન્સ હોસ્પિટલ, B-305, VTC વૃંદાવન ટ્રેડ સેન્ટર, કાનમ ગ્રીન્સ પાર્ટી પ્લોટ સામે, રીલાયન્સ ક્રોસ રોડ નજીક, કુડાસણ, ગાંધીનગર

રજીસ્ટ્રેશન માટે સંપર્ક : પાર્થ જોષી - 96010 78421

*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.

ઝાયડસ કેન્સર સેન્ટર ઝાયડસ હૉસ્પિટલ રોડ, એસ.જી. હાઈવે, થલતેજ, અમદાવાદ-54.

*આ માહિતી માત્ર દર્દીની જાણ માટે જ છે.